Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL · BALBIR · AM/NS INDIA · JSW · MONNET · JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા





માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ મહા સુદ પાંચમ, બુધવાર ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૭૬ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# હરિયાણામાં ખેડૂતોનો હંગામો: પોલીસે ટિયરગેસ છોડ્યો

**દિલ્હી ચલોઃ** પંજાબના ખેડૂતોએ હરિયાણા સીમા પર ભારે હંગામો કર્યો,

**હરિયાણાના** ખેડૂતો દ્વારા માર્ચમાં જોડાવા માટે કોઈ નોંધપાત્ર પ્રયાસ જોવા ન મળ્યો

**ખેડૂતોએ** ભારે બેરીકેડ્સ હટાવવા ટ્રેક્ટરનો ઉપયોગ કર્યો





**ચંદીગઢ-નવી દિલ્હી, તા. 13 (PTI):** રાષ્ટ્રીય રાજધાની તરફ જતા ખેડૂતોની હરિયાણા અને પંજાબ વચ્ચેની શંભુ સરહદે પોલીસ સાથે અથડામણ થયા બાદ ખેડૂતોની કૂચને દિલ્હીમાં પ્રવેશતા રોકવા માટે અહીંના અધિકારીઓ મંગળવારે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી હતી જ્યારે સિંઘુ અને ટિકરી સરહદો બંધ કરાઈ હતી અને લાલ કિલ્લા સંકુલને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું હતું.

પંજાબના ખેડૂતોએ દિલ્હી તરફ તેમની વિરોધ કૂચને અવરોધિત કરતા બેરીકેડ્સને તોડીને આગળ જવાનો પ્રયાસ કર્યો હતો જેના પગલે રાજ્યો વચ્ચેના બે સરહદી બિંદુઓ પર હરિયાણા પોલીસ સાથે તેમની અથડામણ થઈ હતી, પોલીસે અશ્રુ ગેસના ટેટા છોડ્યા હતા અને પાણીના મારો ચલાવ્યો હતો.

એક ડીએસપી સહિત 24 પોલીસ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. પ્રદર્શનકારીઓનો દાવો છે કે પોલીસે તેમની ઉપર રબડની ગોળીઓ છોડી હતી અને 60 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચા 'દિલ્હી ચલો' આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે. પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ અને અને લોન માફી માટેનો કાયદો સહિત તેમની માંગણીઓ માટે કેન્દ્ર પર દબાણ લાવવા માટે આ પ્રદર્શન કરી રહ્યા છે. મહિલાઓ સહિત ખેડૂતોનું એક મોટું જૂથ ટ્રેક્ટર-ટ્રોલીઓમાં ભરાઈને પંજાબના ફતેહગઢ સાહિબથી મંગળવારે સવારે 10 વાગ્યે નીકળ્યું.

## 'ટ્રોલીઓમાં 6 મહિનાનું રાશન, ડીઝલ': પંજાબના ખેડૂતો લાંબી લડત માટે તૈયાર

**ચંદીગઢઃ તા. 13.** દિલ્હી તરફ કૂચ કરી રહેલા હજારો ખેડૂતો કહે છે કે, તેઓ લાંબી લડત માટે તૈયાર છે, તેમની સાથે મહિનાઓ સુધી ચાલે તેટલું રાશન અને ડીઝલ છે. કારણ કે, તેમને રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશતા અટકાવવા સરહદો સીલ કરવામાં આવી છે. ખેડૂતો તેમના પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) સહિતની શ્રેણીબદ્ધ માગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ તેમના 2020ના વિરોધનું અનુવર્તી પગલું છે, જેમાં તેઓએ 13 મહિના સુધી સરહદી બિંદુઓ પર પડાવ નાખ્યો હતો. ખેડૂતો કહે છે કે, ધીરજની કસોટી તેમને તેમની માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી તેમનું પ્રદર્શન ચાલુ રાખવાથી રોકશે નહીં. પંજાબના ગુરદાસપુરના એક ખેડૂત હરભજન સિંહ, જે તેના ટ્રેક્ટર પર પુરવઠાથી ભરેલી બે ટ્રોલીઓ ખેંચીને દિલ્હી જઈ રહ્યા હતા, તેમણે જણાવ્યું કે, ''સોયથી માંડીને હથોડી સુધી, અમારી ટ્રોલીમાં અમારી પાસે જરૂરી બધું છે, જેમાં પથ્થર તોડવા માટેના સાધનો પણ છે. અમે અમારી સાથે છ મહિનાનું રાશન લઈને અમારું ગામ છોડ્યું છે. અમારી પાસે પૂરતું ડીઝલ છે, ત્યાં સુધી કે હરિયાણાના અમારા ભાઈઓ માટે પણ.'' ખેડૂતોનો આરોપ છે કે ટ્રેક્ટર અને ટ્રોલીનો ઉપયોગ કરીને તેમની કૂચને નિષ્ફળ બનાવવા માટે તેમને ડીઝલ આપવામાં આવતું નથી.

ખોદકામ કરનાર વાહન કાફલાનો એક ભાગ હતો, જેમાં અમૃતસરના એક ખેડૂતે કહ્યું કે તેનો ઉપયોગ બેરિકેડ તોડવા માટે કરવામાં આવશે.

જો કે હરિયાણાના ખેડૂતો દ્વારા માર્ચમાં જોડાવા માટે કોઈ નોંધપાત્ર પ્રયાસ જોવા મળ્યો ન હતો.

હરિયાણામાં દિલ્હી જવાના હાઈવે પર અનેક જગ્યાએ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

**હરિયાણાની સીમા પર ખેડૂતો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું**

પોલીસે હરિયાણાના અંબાલા નજીક શંભુ બોર્ડર પર સામ-સામે પથ્થરમારો કરનારા પ્રદર્શનકારીઓને વિખેરવા અશ્રુ ગેસના ટેટા છોડ્યા હતા જેમાંના કેટલાક ડ્રોનમાંથી પાડવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓ કોંક્રીટના ભારે અવરોધોને હટાવવા ટ્રેક્ટરનો ઉપયોગ કર્યો હતો. આખા વિસ્તારમાં અશ્રુ ગેસનો ધુમાડો છવાઈ ગયો હતો.

હરિયાણા પોલીસે રાજ્યના જીંદ જિલ્લામાં પણ સરહદ પર 'દિલ્હી ચલો' પ્રદર્શનકારીઓ સામે અશ્રુ ગેસના ટેટા ફેંક્યા હતા. વોટર કેનન પણ ત્યાં તૈનાત કરવામાં આવી હતી.

એક ડીએસપી સહિત 7 પોલીસ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. અમુક ખેડૂતોને પણ ઈજા થઈ હતી.

**સરકારે ખેડૂતોને વાતચીત કરવા વિનંતી કરી**

કેન્દ્રીય કૃષિ મંત્રી અર્જુન મુંડાએ, જણાવ્યું હતું કે એમએસપીની ખાતરી આપતો કાયદો તમામ હિતધારકોની સલાહ લીધા વિના ઉતાવળમાં લાવી શકાય નહીં. તેમણે ખેડૂત જૂથોને આ મુદ્દે સરકાર સાથે સંરચિત ચર્ચા કરવા વિનંતી કરી હતી. મુંડા અને કેન્દ્રીય ખાદ્ય અને ઉપભોક્તા બાબતોના મંત્રી પીયૂષ ગોયલે સોમવારે રાત્રે ચંદીગઢમાં ખેડૂત સંગઠનો સાથે વાટાઘાટો કરી હતી. પણ 5 કલાક ચાલેલી બેઠક અનિર્ણિત રહી હતી.

### દિલ્હીને કિલ્લામાં ફેરવી દેવાયું, લાલ કિલ્લો બંધ

**રાજધાનીના** મુખ્ય પ્રવેશ બિંદુઓ ગાઝીપુર, સિંઘુ અને ટીકરી બોર્ડર બંધ કરાઈ હતી, દિલ્હી પોલીસે પણ શહેરની બોર્ડર પર અવરોધો સ્થાપિત કર્યા હતા જેમાં કાંટાળા તાર, કોંક્રિટ સ્લેબ અને રસ્તા પર ટાયરને પંક્ચર કરતા સ્ટ્રીપ્સ સામેલ છે. દેખાવકારો દિલ્હીની નજીક પહોંચી શક્યા ન હતા તો છતાં, દિલ્હી-એનસીઆરમાં ઘણા સ્થળોએ ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલ્યો હતો કારણ કે મુખ્ય રસ્તાઓ સુધી પહોંચવાના માર્ગો પર બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા. પોલીસ જવાનોને આક્રમક ખેડૂતો સામે આક્રમકતા દેખાડવાના નિર્દેશ અપાયા હતા.

## દિલ્હી ડાયરી

### BSPએ યુવાનોને પાર્ટીમાં જોડવા મોબાઇલ નંબર લોન્ચ કર્યો

લોકસભાની ચૂંટણી પહેલાં બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના પ્રમુખ માયાવતીના રાજકીય અનુગામી અને પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક મિસ્ટર આકાશ આનંદે તાજેતરમાં યુવાનોને પાર્ટી સાથે જોડવા માટે એક મોબાઇલ નંબર લોન્ચ કર્યો હતો. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, કોઈપણ વ્યક્તિ આ હેતુ માટેના ચોક્કસ નંબર પર મિસ્ડ કોલ આપીને બીએસપી સાથે જોડાઈ શકે છે. ત્યાર બાદ પક્ષ વ્યક્તિની બીએસપી સભ્ય તરીકે નોંધણી કરવાના હેતુથી આગળની કાર્યવાહી માટે કોલરનો સંપર્ક કરશે. તમામ સ્તરે યુવાનોને બીએસપીમાં 50 ટકા ભાગીદારી મળે તે સુનિશ્ચિત કરવા માટે પક્ષના નેતાઓને માયાવતીના સંદેશને પગલે મિસ્ટર આનંદે કવાયત શરૂ કરી. પાર્ટી અત્યાર સુધી જનતા સાથે જોડાવા માટે આવા માધ્યમોનો ઉપયોગ કરતી નહોતી. હવે તેના યુવા ચહેરા અને માયાવતીના સંભવિત રાજકીય ઉત્તરાધિકારી તરીકે યુવા મિસ્ટર આકાશ આનંદ સાથે પાર્ટી તેનો ટેકો વધારવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે.

**મિસ્ટર ત્રિપાઠીએ ચૂંટણી પંચના રાષ્ટ્રીય આઈકોનના પદ પરથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું**

તાજેતરમાં રિલીઝ કરવામાં આવેલી ભૂતપૂર્વ વડા પ્રધાન

...અનુસંધાન પાના 10 પર

### તા.૧૩-૦૨-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૮° સે. | ૧૯.૧° સે. | ૪૫% |

## આજે અબુ ધાબીમાં સૌ પ્રથમ હિંદુ મંદિરનું લોકાર્પણ

**સવારે** મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા અને સાંજે લોકાર્પણ

**વડાપ્રધાન** નરેન્દ્ર મોદી લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેશે

**પ્રમુખસ્વામી** મહારાજે 27 વર્ષ પહેલાં અબુધાબીમાં મંદિર કરવાનો મહાન સંકલ્પ મહંત સ્વામી મહારાજે સાકાર કર્યો

**અમદાવાદ, તા. 13.** આવતીકાલ તા 14મી ફેબ્રુઆરી વસંત પંચમીના રોજ સંવાદિતાની મ્હોરી ઉઠી વસંતઃ સનાતન ધર્મના વૈશ્વિક માનવીય મૂલ્યો અને આધ્યાત્મિક વૈભવના અભૂતપૂર્વ પ્રતીક સમાન ઐતિહાસિક BAPS મંદિરનું સવારે મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા અને સાંજે લોકાર્પણ થશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા અને લોકાર્પણનો અવસર સમગ્ર વિશ્વ માટે સંવાદિતા, સ્નેહ અને સહિષ્ણુતાનો સંદેશ લઈને આવી રહ્યો છે. બી એ પી એસ સ્વામિનારાયણ સંસ્થાએ પોતાની અદભુત મેનેજમેન્ટ ક્ષમતા અને પવિત્ર હેતુ સાથે આ મંદિર નિર્માણ કર્યું છે.

આવતીકાલે, તારીખ 14 ફેબ્રુઆરીના રોજ, પ્રાણ પ્રતિષ્ઠા વિધિ, ભારતીય સમય પ્રમાણે સવારે 8:45 પછી શરૂ થશે, જ્યારે સંધ્યા સમયે લોકાર્પણ સમારોહ ભારતીય સમય પ્રમાણે સાંજે 6 થી 9:50 દરમિયાન યોજાશે.

યુ.એ.ઈ.ના લાખો ભારતીયો આ ગૌરવશાળી ક્ષણ માટે રોમાંચિત છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2015 અને 2018 માં અહીં પધારીને આ મંદિરની વિધિવત જાહેરાત કરી ત્યારે અહીં વસતા આશરે 33 લાખ ભારતીયોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મંદિર માટેની ભૂમિનું ઉદાર દિલે યુ.એ.ઈ.ના શાસકો દ્વારા દાન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ સમક્ષ જ્યારે મંદિર નિર્માણની ડિઝાઇન રજૂ કરવામાં આવી ત્યારે તેમણે શિખરબધ્ધ મંદિરનો વિકલ્પ પસંદ કર્યો હતો.

આ મંદિરના સંકલ્પમૂર્તિ પ્રમુખ સ્વામી મહારાજે 5 એપ્રિલ, 1997 ના રોજ, શારજાહના રણમાં પ્રાર્થના કરતાં ઉચ્ચાર્યું હતું, "અહીં અને વિશ્વમાં શાંતિ પ્રસરે, બધા ધર્મોનો પરસ્પર આદર વધે, બધા દેશો એકબીજા પ્રત્યેના પૂર્વગ્રહથી મુક્ત થાય, અને સર્વે પોતપોતાની આગવી રીતે પ્રગતિ કરે. અબુ ધાબીમાં મંદિર થાય, અને તે મંદિર દેશો, સંસ્કૃતિઓ, ધર્મો અને સમુદાયોને એકબીજાની નજીક લાવે."

2015માં અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ અને 'UAE આર્મ્ડ ફોર્સ'ના સુપ્રીમ કમાન્ડર શેખ મોહમ્મદ બિન ઝાયેદ નહ્યાને મંદિરના નિર્માણ માટે 13.5 એકર જમીન દાનમાં આપી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફેબ્રુઆરી 11, 2018 માં આ મંદિર પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જાન્યુઆરી 2019માં ' યર ઓફ ટોલરન્સ' દરમિયાન, યુ. એ. ઈ. ના શાસકો દ્વારા વધુ 13.5 એકર જમીન ફાળવી - કુલ 27 એકર જમીન મંદિર માટે ભેટમાં આપવામાં આવી હતી.

આ મંદિરના સર્જક મહંત સ્વામી મહારાજે આજથી લગભગ ત્રણ વર્ષ પહેલાં 22 ડિસેમ્બર, 2020ના રોજ આ મંદિર માટે આશીર્વાદ આપતાં કહ્યું હતું, "આ મંદિર પ્રેમ, શાંતિ અને સંવાદિતાનંન ધામ

...અનુસંધાન પાના 10 પર



### મંદિરના નિર્માણની હાઈલાઈટ

- 1997 પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા મંદિર નિર્માણનો સંકલ્પ
- 2015 ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ UAEના મંદિરનિર્માણની પરવાંગીના ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરી
- 2017 અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા શાહી હુકમ દ્વારા મંદિર માટેની ભૂમિનું દાન
- 2018 અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા BAPSના સંતોને રાજવી મહેલમાં આવકાર, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા અબુધાબીમાં મંદિર પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો
- 2018 ડિઝાઇન રિસર્ચ અને ડિઝાઇન મીટિંગ્સ
- 2019 BAPS હિન્દુ મંદિરનો શિલારોપણ સમારોહ
- 2019 મંદિરને ઐતિહાસિક લાઇસન્સ TH001 આપવામાં આવ્યું
- 13 ફેબ્રુઆરી, 2020 ફાઉન્ડેશનનો પ્રારંભ
- 09 ઓગસ્ટ , 2021 કુંભી પૂજન વિધિ
- 09 નવે -16 નવે, 2021 શિલા સ્થાપન વિધિ
- 27 મે , 2022 મહાપીઠ પૂજન વિધિ
- 08 સપ્ટે - 10 સપ્ટે, 2022 સૌપ્રથમ માર્બલ સ્થંભનું સ્થાપન
- 18 એપ્રિલ, 2023 સૌપ્રથમ શિખર શિલાનું સ્થાપન
- 20 ઓક્ટોબર, 2023 સાત શિખરોનું પૂજન
- 29 નવેમ્બર, 2023 અમૃત કળશ વિધિ
- 11 ફેબ્રુઆરી, 2024 'ફેસ્ટિવલ ઓફ હાર્મની' નો પ્રારંભ
- 14 ફેબ્રુઆરી, 2024 મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન
- 15 ફેબ્રુઆરી, 2024 - 21 ફેબ્રુઆરી, 2024 'ફેસ્ટિવલ ઓફ હાર્મની' અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન

### સાત શિખરોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ

- ભગવાન રામ, સીતાજી, લક્ષ્મણજી અને હનુમાનજી
- ભગવાન શિવ, પાર્વતીજી, ગણપતિજી, કાર્તિકેયજી
- ભગવાન રાધા-કૃષ્ણ
- શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ (ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી)
- ભગવાન જગન્નાથ
- ભગવાન તિરુપતિ બાલાજી
- ભગવાન અયપ્પાજી
- વિવિધ શિખરોની ફરતે આવેલા મંડોવરમાં તે શિખરોમાં પ્રતિષ્ઠિત થનાર સ્વરૂપોને સમર્પિત કોતરણી
- ભગવાન શિવને સમર્પિત શિખરમાં, શિવ પુરાણ કોતરવામાં આવ્યું છે. 12 જ્યોતિર્લિંગને કોતરવામાં આવ્યા છે.
- ભગવાન જગન્નાથના શિખરમાં રથયાત્રા કોતરેલી છે.
- ભગવાન કૃષ્ણને સમર્પિત શિખરમાં ભાગવત અને મહાભારત કોતરવામાં આવેલ છે.
- એ જ રીતે, ભગવાન સ્વામિનારાયણને સમર્પિત શિખરમાં ભગવાન સ્વામિનારાયણના જીવન અને કાર્યને કંડારવામાં આવ્યું છે.
- ભગવાન રામના શિખરમાં, રામાયણ કોતરવામાં આવી છે.
- પ્રાચીન સભ્યતાઓમાંથી વિવિધ મૂલ્યોની વાર્તાઓની કોતરણી
- ભારતીય સભ્યતામાંથી 15 મૂલ્ય વાર્તાઓ ઉપરાંત મય, એઝતેક, ઇજિપ્શિયન, અરબી, યુરોપિયન, ચીની, આફ્રિકન વગેરે થઈને કુલ 14 સભ્યતાઓમાંથી વાર્તાઓ કંડારવામાં આવી છે.

## મુખ્ય ચૂંટણી કમિશનર અને ઈસીની નિયુક્તિ પરના કાયદા પર સ્ટે લગાવવાથી સુપ્રીમનો ઈન્કાર

**અદાલતે** એક એનજીઓની અરજી પર કેન્દ્રને નોટિસ જારી કરી અને આગામી સુનાવણી એપ્રિલમાં સૂચિબદ્ધ કરી

**નવી દિલ્હી, તા. 13 (PTI):** સર્વોચ્ચ અદાલતે મંગળવારે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરની પેનલ દ્વારા નિમણૂક કરવાની જોગવાઈ કરતા નવા કાયદાની કામગીરી પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો, આ પેનલમાં ભારતના ચીફ જસ્ટિસ સામેલ નથી.

જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે એક એનજીઓ, એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્રને નોટિસ જારી કરી હતી અને આ અરજી પર આગામી સુનાવણી

...અનુસંધાન પાના 10 પર

## મહારાષ્ટ્રના ભૂતપૂર્વ CM અશોક ચવાણ ભાજપમાં જોડાયા



**મુંબઈઃ તા. 13 (PTI).** કોંગ્રેસથી અલગ થયાના એક દિવસ પછી જ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવાણે મંગળવારે મુંબઈમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (બીજેપી)માં જોડાઈને આગળ રાજકીય પગલું ભર્યું છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત મુખ્ય હસ્તીઓની હાજરીમાં પાર્ટીના મુંબઈ કાર્યાલયમાં 65 વર્ષીય ચવાણનું ભાજપમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસમાં લગભગ ચાર દાયકા વિતાવનારા ચવાણે તેની રાજકીય કારકિર્દીના નવા તબક્કા વિશે કહ્યું હતું કે, આજનો દિવસ તેમની નવી

...અનુસંધાન પાના 10 પર